## સંક્ષિપ્ત સમાચાર

### સાયણમાં ગાંજો વેચતા ત્રણ પકડાયા



સાયણ: ઓલપાડ પોલીસે સાયણ ટાઉનના રાંદલ માતાના ખાડા વિસ્તારમાં રેડ પાડીને ગાંજાનો છૂટક વેપાર કરતા ત્રણ શખ્સ શશીકાંત ગુપ્તા, સુનીલ તોમર અને નૂતન મહંતીને ઝડપી પાડ્યા છે. પોલીસને તેમની પાસેથી રૂ.૬૬,૩૫૦ની કિંમતનો ૧.૬૨૭ કિલોગ્રામ ગાંજો, મોબાઈલ અને રોકડ મળી કુલ રૂ.૧,૦૩,૫૨૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. પૂછપરછમાં જાણવા મળ્યું કે આ જથ્થો ઓરિસ્સાના ભીકાકારી મહંતીએ પૂરો પાડ્યો હતો, જેને પોલીસે વોન્ટેડ જાહેર કરી એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### બારડોલીમાં જુગાર રમતા છ ઝડપાયાં, બે ફરાર

બારડોલી: બારડોલી ટાઉનના શેઠ ફળિયામાં પોલીસે બાતમીના આધારે જુગાર રમતાં તત્ત્વો પર દરોડો પાડી ૧૮,૮૧૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ દરમિયાન પોલીસે સ્થળ પરથી નેહાબેન હળપતિ (શેઠ ફળિયા, બારડોલી), રેખાબેન શિંદે (શેઠ ફળિયા), અલ્તાફ શેખ (પુણા પાટિયા, સુરત), શેખર પાટીલ (તલાવડી, બારડોલી), અરમાન ઢોડિયા (રાજીવનગર) અને અમાન પઠાણ (સુરતી ઝાંપા, બારડોલી)ની અટકાયત કરી હતી. જ્યારે અંધારાનો લાભ લઈ સલીમ શેખ (ઇસ્લામપુરા, બારડોલી) અને સુદામ આહીરે (રંગઉપવન, બારડોલી) નાસી છૂટ્યા હતા. પોલીસે તમામ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કામરેજમાં ઘરમાંથી ગાંજો મળી આવ્યો

કામરેજ: કામરેજના નવી પારડી ગામના સોની ફળિયામાં પોલીસે બાતમીના આધારે રેડ પાડી હતી. અહીં રહેતા અતુલ પરસોત્તમ ઉર્ફે સતીષ વસાવાના મકાનમાંથી ગેરકાયદે વેચાણ માટે રાખેલો ૨૩૫ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. FSL તપાસમાં આ જથ્થો ગાંજો હોવાનું સ્પષ્ટ થતાં પોલીસે ૧૧,૭૫૦ના મુદ્દામાલ સાથે અતુલ વસાવાની ધરપકડ કરી NDPS એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. પૂછપરછમાં આ જથ્થો હાઈવે પર આપનાર મહેશ ઉર્ફે મહલાને પોલીસે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ધામડોદ લુંભા ગામમાં યુવકનો આપઘાત

બારડોલી: ધામડોદ લુંભામાં આવેલા કેળના ખેતરમાં લીમડાના ઝાડ સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાધેલી હાલતમાં ૩૫ વર્ષીય યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકની ઓળખ ખરવાસા ગામના હળપતિવાસમાં રહેતા અમિતભાઇ ઉર્ફે કાળુ બાબુભાઇ હળપતિ તરીકે થઈ છે. તેઓ ૫ જૂનના રોજ ઘરેથી કામ અર્થે નીકળ્યા બાદ ગુમ થયા હતા. ૭ જૂનની સવારે તેમનો મૃતદેહ લટકતી હાલતમાં મળી આવ્યો હતો. આ અંગે મૃતકની પત્નીએ બારડોલી ટાઉન પોલીસને જાણ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કિકાકુઈમાં ટ્રેનમાંથી પટકાતાં એકનું મોત

વ્યારા: સોનગઢના કિકાકુઇ ગામની સીમમાંથી પસાર થતી રેલવે લાઇન પર મેમુ ટ્રેનની નીચે ૫૦ વર્ષીય આધેડ પુરુષનું ચાલુ ટ્રેનમાંથી નીચે પટકાતાં મોત નીપજ્યું હતું. મૃતકની ઓળખ માટે રેલવે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. રે

### કામરેજમાં પાંચમા માળેથી પટકાતાં યુવતીનું મોત

કામરેજ: કામરેજના ક્રિષ્ના હાઈટ્સમાં રહેતી મૂળ ઓડિશાની ૨૨ વર્ષીય પુષ્પલતા રાઉતરાય રાત્રે ગેલેરીમાં ફોન પર વાત કરતી વખતે અચાનક પાંચમા માળેથી નીચે પટકાઈ હતી. ગંભીર ઈજાગ્રસ્ત યુવતીને સારવાર અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. કામરેજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### આદિવાસી વિસ્તારોમાં જમીન સંપાદન સામે તાપી જિલ્લામાં વિરોધ કરાયો



વ્યારા: આદિવાસી પંચ દ્વારા તાપી કલેક્ટરને આવેદનપત્ર આપી જિલ્લામાં વિવિધ વિકાસ પ્રોજેક્ટો માટે થનારા જમીન સંપાદનનો સખત વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. જેમાં રજૂઆતમાં જેટકો સબ સ્ટેશન, ગુડ્સ ટ્રેન પ્રોજેક્ટ તેમજ રાષ્ટ્રીય ધોરીમાર્ગ -56 માટે આદિવાસી વિસ્તારની જમીન સંપાદિત ન કરવા માંગ કરવામાં આવી હતી. તેમજ વિવિધ પ્રોજેક્ટોના કારણે આદિવાસી સમાજને વિસ્થાપિત થવાનો ભય સતાવી રહ્યો છે અને આદિવાસી સંસ્કૃતિ, રૂઢિ પરંપરા તથા જીવનશૈલી પર પણ ગંભીર અસર થવાની શક્યતા રહેલી હોવાનું જણાવાયું હતું. આ પ્રસંગે તાપી જિલ્લા આદિવાસી પંચના આગેવાનો, કાર્યકરો સહિત જિલ્લાના વિવિધ ગામોમાંથી મોટી સંખ્યામાં આદિવાસીઓ હાજર રહ્યા હતા.

### લવેટમાં 80 હજારનો દારૂ ઝડપાયો, આરોપી ફરાર

વાંકલ: માંગરોળ તાલુકાના લવેટ ગામમાં ઝંખવાવ પોલીસે બાતમીના આધારે એક ઘરમાં દરોડો પાડીને વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. જો કે, પોલીસની રેડ જોઈ મુખ્ય આરોપી બૂટલેગર ઘટના સ્થળેથી ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો, જેને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે. મળતી માહિતી મુજબ ઝંખવાવ પોલીસને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, લવેટ ગામના નિશાળ ફળિયામાં રહેતો હિતેન્દ્રભાઈ બાબુભાઈ વસાવા પોતાના ઘરમાં ગેરકાયદે રીતે વિદેશી દારૂનો જથ્થો રાખીને તેનું વેચાણ કરે છે. આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખીને ઉક્ત મકાનમાં દરોડો પાડ્યો હતો. પોલીસે આરોપીના ઘરમાંથી અલગ-અલગ બ્રાન્ડની કુલ ૭૨૦ નંગ વિદેશી દારૂની બોટલો જપ્ત કરી છે, જેની કુલ કિંમત રૂપિયા ૮૦,૬૪૨ થાય છે. પોલીસે ઘટના સ્થળેથી તમામ મુદ્દામાલ કાયદેસર રીતે જપ્ત કરી, સેમ્પલ લઈ સીલ કરવાની કાર્યવાહી કરી છે. રેડ દરમિયાન ફરાર થઈ ગયેલા આરોપી હિતેન્દ્ર વસાવા વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યાં છે.

### પલસાણામાં ઊભેલી ટ્રક પાછળ ટેમ્પો ઘૂસી જતાં ચાલકનું મોત

પલસાણા: સુરત ગ્રામ્યના પલસાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભારતમાલા એક્સપ્રેસ-વે પર રવિવારે વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. વડોદરા-મુંબઈ ટ્રેક પર ચેનલ નંબર ૧૦૦૮ પાસે એન્જિનમાં ખામી સર્જાવાને કારણે એક બ્રેકડાઉન ટ્રક નં.(GJ-26-T-2451) સાઈડમાં ઊભી હતી. આ દરમિયાન પાછળથી પૂરઝડપે આવી રહેલા આઈશર ટેમ્પો નં.(GJ-38-T-8082)ના ચાલકે કાબૂ ગુમાવતા તે ટ્રક પાછળ ધડાકાભેર અથડાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે ટેમ્પોના આગળના ભાગના ફૂરચા ઊડી ગયા હતા. ગંભીર રીતે ઘાયલ અજાણ્યા ચાલકને નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

# કલમકૂવા ગામે કોઢારમાં આગ સસ્તા અનાજની દુકાન પણ ઝપેટે

**ફાયર** બ્રિગેડની સતર્કતાથી મોટી હોનારત ટળી

**ઘાસચારો** અને અનાજનો જથ્થો બળીને ખાખ, કોઈ જાનહાનિ નહીં



હિતેશ પટેલ

માંડવી: માંડવી તાલુકાના કલમકૂવા ગામના વડ ફળિયા વિસ્તારમાં ગતરોજ પશુઓના કોઢારમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર પંથકમાં અફરાતફરી મચી ગઈ હતી.

માંડવીના કલમકૂવા ગામના વિષ્ણુભાઈ ભગુભાઈના પશુઓના કોઢારમાં અચાનક લાગેલી આગની જ્વાળાઓ એટલી વિકરાળ હતી કે તે જોતજોતામાં બાજુમાં આવેલી સરકારી સસ્તા અનાજની દુકાન સુધી ફેલાઈ ગઈ હતી અને દુકાનને પણ પોતાની ઝપેટમાં લઈ લીધી હતી. આગના પગલે સ્થાનિક ગ્રામજનોમાં ભારે દોડધામ અને ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની ગંભીરતાને જોઈને સ્થાનિક રહીશોએ તાત્કાલિક માંડવી ફાયર વિભાગને આ અંગે જાણ કરી હતી. સંદેશો મળતા જ ફાયર ફાઈટરોની ટીમ કાફલા સાથે ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આગ વધુ આગળ વધતા અટકી જતાં આસપાસનાં રહેણાક મકાનોનો આબાદ બચાવ થયો હતો. આ ભયાનક દુર્ઘટનામાં પશુઓ માટે સંગ્રહ કરી રાખેલો તમામ ઘાસચારો તેમજ સસ્તા અનાજ ની દુકાનમાં રાખેલો અનાજનો મોટો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો. રાહતની વાત એ રહી કે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે પશુહાનિ નોંધાઈ નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજી સુધી જાણી શકાયું નથી, જે અંગે વહીવટી તંત્ર દ્વારા તપાસ ચલાવવામાં આવી રહી છે. બીજી તરફ, ભયાનક આર્થિક નુકસાનને પગલે ગામના અગ્રણીઓએ પીડિતોને વહેલી તકે સરકારી અને સામાજિક આર્થિક સહાય મળે તે માટે વહીવટી તંત્ર તાત્કાલિક સરવેની કામગીરી હાથ ધરે તેવી માંગ કરી છે.

# વિરપોરમાં ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે ડીડીઓને લેખિત ફરિયાદ

**ગટરનું** કામ અધૂરું છતાં કોન્ટ્રાક્ટરને પૂરેપૂરી રકમ ચૂકવી દેવાઈ હતી

વાલોડ: વાલોડ તાલુકાના વિરપોર ગામના હળપતિવાસના લોકો સાથે ગ્રામસભામાં થયેલી ગેરવર્તણૂક અને ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો સાથે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. સ્થાનિક ગ્રામજનોએ આ મામલે જિલ્લા વિકાસ અધિકારીને લેખિત ફરિયાદ કરી ન્યાયની માંગ કરી છે.

ગત ૫ જૂન-૨૦૨૬ના રોજ વિરપોર ગામે ગ્રામસભા યોજાઈ હતી. ગ્રામજનોના આક્ષેપ અનુસાર અગાઉ ગ્રામ પંચાયત દ્વારા ગટર લાઈનનું કામ જે એજન્સીને સોંપાયું હતું, તે કોન્ટ્રાક્ટર કામ અધૂરું મૂકીને નાસી છૂટ્યો હતો. આમ છતાં, પંચાયતના સત્તાધીશોએ તેને સંપૂર્ણ રકમ ચૂકવી દીધી હતી. આથી હળપતિવાસના લોકોએ ભેગા મળીને સ્વ-ખર્ચે આ અધૂરું કામ પૂર્ણ કર્યું હતું. ગ્રામસભા દરમિયાન ગ્રામજનોએ તલાટી કમ મંત્રીને આ ખર્ચની રકમ પરત ચૂકવવા અંગે ઠરાવ કરવા લેખિત રજૂઆત કરી હતી. જો કે, સરપંચ અને તલાટીએ મનમાની ચલાવી આ રજૂઆતને અવગણી હતી. એટલું જ નહીં, સત્તાધીશોએ પોલીસ કંટ્રોલ રૂમ ૧૧૨ પર ફોન કરી પોલીસ બોલાવી ગ્રામસભામાં હંગામો ઊભો કર્યો હતો. વાલોડ પી.એસ.આઈ.ને બુહારી પોલીસ સ્ટેશન ખાતે બોલાવીને અરજદારોને હેરાન-પરેશાન કરવાની તથા ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકીઓ પણ આપવામાં આવી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

ગ્રામસભાના ઠરાવો તે જ દિવસે તૈયાર થયા હોવા છતાં તેની નકલ અરજદારોને આપવામાં આવી ન હતી. ગ્રામજનોએ DDOને રજૂઆત કરી માંગ કરી છે કે, અધૂરું કામ છોડનાર કોન્ટ્રાક્ટરને પૂરી રકમ ચૂકવવા અંગે યોગ્ય તપાસ થાય અને ગ્રામજનોએ સ્વ-ખર્ચે કરેલા કામની રકમ પંચાયત મારફત પરત ચૂકવવામાં આવે.

# પાલોદમાં મંદિર સામે પાનનો ગલ્લો મૂકી ગાંજાનું વેચાણ

**71 વર્ષની** વૃદ્ધા લાકડાના બાકડા પર છૂટક ગાંજાનું વેચાણ કરતા ઝડપાઈ



ઈબ્રાહીમ કાનુ

હથોડા: પાલોદ પોલીસ મથક હદ વિસ્તારના કોઠવા ગામે ચાની લારી પર ગાંજા સાથે એક વૃદ્ધ ઝડપાયાની શ્યાહી સુકાઈ નથી ત્યાં તો નજીકમાં આવેલ પાલોદ ખાંડસરી ખાતે પવિત્ર ધામ ગણાતા રામદેવપીર મંદિરની સામે પાનબીડીનો ગલ્લો મૂકી ગલ્લાની આડમાં જાહેરમાં છૂટક ગાંજાનું વેચાણ કરતી 71 વર્ષની વૃદ્ધાને બાતમીના આધારે પાલોદ પોલીસે મુદ્દામાલ સાથે ઝડપી પાડતા વિસ્તારની જનતામાં ચકચાર મચી ગઈ હતી.

ઘટનાની વિગત એવી છે કે પાલોદ પોલીસ મથકના પી.એસ.આઇ. પરાક્રમસિંહ કચ્છવાહાને બાતમી મળી હતી કે પાલોદ ખાંડસરી વિસ્તારમાંમાં રહેતી 71 શાંતાબેન સુમનભાઈ મગનભાઈ વસાવા નામની વૃદ્ધ મહિલા રામદેવપીર મંદિરની સામે પોતાનો પાનબીડીનો ગલ્લો રાખી વેપાર કરે છે. જે ગલ્લાની બહાર જાહેરમાં છૂટકમાં માદક પદાર્થ ગાંજાનું વેચાણ કરી રહી છે. જેથી પાલોદ પોલીસે તપાસ કરતાં વૃદ્ધ મહિલાના કબજામાંથી 180 ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂપિયા 9,000ની કિંમતનો માદક પદાર્થ ગાંજાનો જથ્થો કબજે કરી એફએસએલ ને જાણ કરી હતી. ત્યારબાદ મહિલાને આ ગાંજાનો જથ્થો કોણ આપી ગયો હતો તે બાબતે સુરત જિલ્લા એસોજી પોલીસે તેમજ અન્ય ટીમે વધુ પૂછપરછ કરવા માટે તજવીજ હાથ ધરી છે. પાલોદ પોલીસ મથકની હદના કોઠવા દરગાહ ખાતે ચાની લારી પરથી ગાંજો ઝડપાયા બાદ નજીકના પાલોદ ખાડસરી ખાતેથી ઝડપાતા આ વિસ્તારમાં માદક પદાર્થનો કેટલો ખતરનાક વ્યાપાર ધમધમી રહ્યો છે અને માદક પદાર્થનું સેવન કરનાર યુવાધન કેટલો ખતરનાક સેવન કરી રહ્યા છે તે બાબતે જનતામાં અનેક સવાલો ચર્ચાઇ રહ્યા છે.

# પત્ની સાથે આડા સંબંધની ના પાડનાંર પતિનો કાન કાપી નાંખ્યો

**વ્યારામાં** સમાજના આગેવાનોની હાજરીમાં જ પાડોશી શખ્સનો કોયતાથી હુમલો



વ્યારા: વ્યારાના એક ગામમાં રહેતા કાનાભાઈ ભરવાડ (ઉં.વ.34) (ધંધો-પશુપાલન) ત્રણ સંતાનો અને પત્ની અને બે નાના ભાઈઓ સાથે રહી જીવન ગુજરાન ચલાવે છે. કાનાભાઈને પોતાની પત્નીના બાજુમાં રહેતા નાજા ખેતા ભરવાડ સાથે આડા સંબંધ હોવાનું માલૂમ પડતાં કાનાભાઈએ પોતાની પત્નીને આવું ન કરવા સમજાવી હતી.

દરમિયાન ગત તા.6-6-2026ના રોજ રાત્રે સાડા આઠેક વાગ્યાના અરસામાં પોતાની પત્ની સાથે આડા સંબંધ રાખનાર નાજા ભરવાડને સમાજના આગેવાનોની હાજરીમાં સમજાવવા જતાં નાજાએ આવેશમાં આવી મારી નાંખવાની ધમકી આપી કાનાભાઈ પર કોયતાથી ડાબા કાનના ભાગે હુમલો કરી દેતાં કાનાભાઈનો કાન કપાઈ ગયો હતો. કાનાભાઈને લોહીલુહાણ હાલતમાં વ્યારા રેફરલ હોસ્પિટલમાં અને ત્યારબાદ વધુ સારવાર માટે સુરત હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં કપાયેલા કાનનું ઓપરેશન બાદ હાલ તબિયત સારી હોય, સુરત હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કાનાભાઈએ પોતાની પત્ની સાથે આડા સંબંધ રાખનાર નાજા ભરવાડ વિરુદ્ધ મારામારીની ફરિયાદ આપતાં વ્યારા પોલીસે નાજા ભરવાડ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બારડોલીમાં વૃદ્ધનો મોબાઈલ હેક કરી રૂપિયા 97 હજારની ઉઠાંતરી

બારડોલી: બારડોલી લિનિયર બસ સ્ટેશન પાસે ગાડી લે-વેચનો વ્યવસાય કરતા એક 69 વર્ષીય વૃદ્ધના બેંક ખાતામાંથી અજાણ્યા ગઠિયાઓએ ટેકનોલોજીનો દુરુપયોગ કરી 97,008ની રકમ સેરવી લીધી હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે બારડોલીના સ્ટેશન સરદાર બાગ વિસ્તારમાં રહેતા ઐયુબ મહંમદ ભામના જણાવ્યા અનુસાર ગત 25 મે 2026ના રોજ તેઓ પોતાની ઓફિસ પર હતા ત્યારે તેમણે કોઈ કામકાજ અર્થે RTO એજન્ટને ફોન કર્યો હતો. આ ફોન કર્યાના થોડા સમય બાદ તેમનો મોબાઈલ અચાનક હેક થઈ ગયો હોય તેવું જણાયું હતું. ફોનમાં ટેકનિકલ ખામી સર્જાતાં તેઓ નજીકના વીવો સ્ટોરમાં મોબાઈલ રિપેર કરાવવા ગયા હતા. મોબાઈલ રિપેર કરાવી જ્યારે તેઓ પરત ફર્યા ત્યારે તેમના મોબાઈલ પર મેસેજ આવતાં જાણવા મળ્યું હતું કે, તેમના HDFC બેંકના ખાતામાંથી તેમની જાણ બહાર 97,008 ટ્રાન્સફર થઈ ગયા છે. ભોગ બનનાર વૃદ્ધે તાત્કાલિક બેંકમાં તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે UPI આઈડી દ્વારા આ વ્યવહાર કરવામાં આવ્યો છે. છેતરપિંડીનો અહેસાસ થતા તેમણે સૌપ્રથમ સાયબર હેલ્પલાઈન નંબર 1930 પર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ, બારડોલી ટાઉન પોલીસ મથકે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલ પોલીસ સબ ઈન્સપેક્ટર વિજય અમૃતલાલ સેંગલ આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## વ્યારા પાલિકાની ચૂંટણી ફરીથી યોજવા માંગ

**કોંગ્રેસી** ઉમેદવારની કલેક્ટરને રજૂઆત

વ્યારા: તાપીમાં વ્યારા નગર પાલિકાની તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામ સામે કોંગ્રેસના ઉમેદવાર સંજય રાણાએ વાંધો ઉઠાવી ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમણે ચૂંટણી પરિણામ રદ કરી વ્યારા નગર પાલિકાના તમામ સાત વોર્ડમાં ફરીથી મતદાન કરાવવાની માંગ સાથે તાપી કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે. સંજય રાણાના જણાવ્યા અનુસાર મત ગણતરી પ્રક્રિયા સંબંધિત માહિતી મેળવવા માટે RTI હેઠળ અરજી કરવામાં આવી હતી, જેમાં મત ગણતરી સ્થળના CCTV ફૂટેજ સહિતની વિગતો માંગવામાં આવી હતી. જો કે, માંગવામાં આવેલી માહિતી કચેરીમાં ઉપલબ્ધ ન હોવાનું જણાવતા જવાબ આપવામાં આવ્યો હતો. આ જવાબથી અસંતોષ વ્યક્ત કરી તેમણે અપીલ સત્તાધિકારી સમક્ષ પણ રજૂઆત કરી છે. તેમણે ભારતીય બંધારણની કલમ-324 હેઠળ ચૂંટણી પંચને પ્રાપ્ત સત્તાઓનો ઉપયોગ કરી સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની તપાસ કરાવવા તેમજ જરૂર જણાય તો તમામ સાત વોર્ડનાં ચૂંટણી પરિણામો રદ કરી પુનઃ મતદાન કરાવવાની માંગ કરી છે.

## માખીંગામાં જમ્મુ-કાશ્મીરના શ્રમિકનું મોત

પલસાણા: જલાલપોરના વેસ્મા ગામે રહીને ટ્રાન્સપોર્ટ કંપનીમાં મજૂરી કરતાં મૂળ જમ્મુ-કાશ્મીરના ૨૫ વર્ષીય દીપક કંદોત્રાનું માખીંગા ગામની હદમાં નેશનલ હાઈવે-૪૮ પર રહસ્યમય સંજોગોમાં મોત નીપજ્યું હતું. આખી રાત નોકરી કર્યા બાદ દીપક હાઈવે પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે મીંઢોળા નદીના પુલ નજીક પતરાના ડિવાઈડર પાસે અચાનક પડી ગયો હતો અને તેનું ઘટના સ્થળે જ મોત થયું હતું. પ્રાથમિક દૃષ્ટિએ ચાલતા સમયે અચાનક ચક્કર આવવા કે કોઈ અગમ્ય શારીરિક કારણોસર તેનું મોત થયું હોવાનું અનુમાન છે.

## ભરૂચમાં જુગાર રમતા છ ઝડપાયા

ભરૂચ: ભરૂચ શહેરના 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં બહારની ઉડાઈ ખાતે બટુકનાથ અખાડાની સામે રોડ ઉપર ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા છ ઈસમ પૈકી લાલુ ઈમરાન શેખ (ઉં.વ.21), આફરીદી શેખ (ઉં.વ.20), અકરમ શેખ (ઉં.વ.36), શહેબાજ પઠાણ (ઉં.વ.30), સુઝાન શેખ (ઉં.વ.24) અને વાજીદ સમદ શેખ (ઉં.વ.38)ની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન અંગજડતીના રૂ.8500, દાવના રૂ.4450 અને 3 મોબાઈલ રૂ.15,000 મળી રૂ.27,950નો મુદ્દામાલ કબજે કરાયો છે.

## ખલીપોરના યુવકનું અકસ્માતમાં મોત



સાયણ: ઓલપાડના ખલીપોર ગામનો ૨૬ વર્ષીય મહેશ પરમાર રવિવારે બાઈક નં.(જીજે-૦૫,એમ.યુ-૩૦૪૯) પર સાયણ વાળ કપાવવા જઈ રહ્યો હતો. સાયણ રોડ પર મહાલક્ષ્મી હાર્ડવેર સામે પૂરઝડપે જતી બાઈક પરથી કાબૂ ગુમાવતાં તે આગળ ચાલતા ટેમ્પો નં.(જીજે-૧૯, ઝેડ-૬૯૯૯) પાછળ ધડાકાભેર અથડાયો હતો. ટેમ્પોના ટાયર નીચે આવી જતાં ગંભીર ઈજાના કારણે યુવકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. ઓલપાડ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


### જાહેર હરાજી

આથી રસ ધરાવતા ઇસમો માટે માંગરોલ તાલુકાનાં ઓગણીસા ગામે ગ્રામ પંચાયત ઘર મકાનનું જુનું બાંધકામ તોડવાની તથા કાટમાળ લઇ જવાની જાહેર હરાજી તા. ૧૧/૦૬/૨૦૨૬ નાં ગુરૂવારનાં સવારે ૧૧:૦૦ કલાકે ગ્રામ પંચાયત ઓફિસ- ઓગણીસા તા. માંગરોલ જી.સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઇચ્છતા ઇસમોને હાજર રહેવા વિનંતી છે.

હરાજીની શરતો ગ્રામ પંચાયત-ઓગણીસાની શરતોને આધીન રહેશે.

સરપંચશ્રી.
ઓગણીસા ગૃપ ગ્રા.પં.
તા.માંગરોલ જિ.સુરત.

તલાટી કમ મંત્રી
ઓગણીસા ગૃપ પંચાયત
તા.માંગરોલ, જી.સુરત

### પાસપોર્ટ ખોવાયો છે

પાસપોર્ટ નંબર k 9806073 જે તા.25/1/26 ના રોજ ઘરેથી કામરેજ ચાર રસ્તા મોટર સાયકલ પર ઝેરોક્ષ કરાવવા જતા પ્લાસ્ટિક ની કોથળી પડી જતાં પાસપોર્ટ ખોવાઈ ગયેલ છે. જેમને મળે તે નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી છે.

લી. મનિષકુમાર બિશનુદેવ માંઝી માધવ
રહે. ફ્લેટ નંબર 207,બી - બિલ્ડીંગ, પાલ એવન્યુ, મુ. પો. - કામરેજ, તા. કામરેજ, જી. સુરત
મો. નં. - 70616 38267

### Milano MULTIPLEX

બારડોલી

Peddi
11:00am 02:30pm, 06:00pm, 09:30pm

Hai Jawani Toh Ishq Hona Hai
10:00am, 01:00pm, 03:00pm, 04:00pm 07:00pm, 09:00pm, 10:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333

### ધી કડોદરા વિભાગ નાગરિક બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લિ.

સહકાર ભવન, સાંઈ આશીર્વાદ કોમ્પલેક્ષ
મુ પો. કડોદરા, તા. પલસાણા, જી. સુરત. મો. ૯૦૨૩૩૩૫૮૧૮

#### સભાસદો જોગ

મંડળીની સને ૨૦૨૫-૨૬ ના વર્ષની ૩૧મી વાર્ષિક સાધારણ સભા તા.૨૧/૦૬/૨૦૨૬ ને રવિવારે સવારે ૯.૩૦ કલાકે મગનવાડી, મુ.પો.કડોદરા, તા.પલસાણા, જી.સુરત મુકામે મળશે. જેમાં તમામ સભાસદશ્રીઓને સમયસર અચુક હાજર રહેવા આગ્રહભરી નમ્ર વિનંતી, અહેવાલ હિસાબ મોકલવાની કામગીરી ચાલુ છે. જેઓને તા.૧૭/૦૬/૨૦૨૬ સુધીમાં ન મળે તો તેમણે મંડળીની ઓફીસમાંથી મેળવી લેવા વિનંતી.તેમજ મંડળીની વેબસાઈટ www.kvnsml.com

સ્થળ: કડોદરા
તા.૦૫/૦૬/૨૦૨૬

જયેશ ડી. પટેલ (મેનેજર)
(વ્ય.સમિતિનાં આદેશ મુજબ)

નોંધ : કે.વાય.સી.નિયમ મુજબ તમામ સભાસદોએ પોતાની ઓળખાણ માટે આધારકાર્ડ મંડળીમાં જમા કરાવવો ફરજીયાત છે.કે.વાયસી.ફોર્મ જમા નહીં કરાવનાર સભાસદોને મળતા તમામ લાભો આપવામાં આવશે નહિ.